આદર્શ નિવાસી શાળા (કુમાર), કવાંટ, જિ. વડોદરા, આદર્શ નિવાસી શાળા (કુમાર), બરડીપાડા, જિ. ડાંગ અને આદર્શ નિવાસી શાળા (કન્યા), આહવા, જિ. ડાંગ માટે આચાર્ય, વર્ગ-૨ ની જગ્યા મંજૂર કરવા બાબત....

ગુજરાત સરકાર,

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક : મકમ/૨૦૨૦૦૯/ન.બા. ૧૮/ગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૫-૦૫-૨૦૧૦.

વંચાણે લીધા :- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા. ૨૦-૩-૨૦૧૦નો પત્ર ક્રમાંક : આવિ/અનશ/૨૦૧૦/૨૭૭.

ઠરાવ :-

વિભાગ હસ્તક આવેલ આદર્શ નિવાસી શાળાઓ પૈકી બરડીપાડા, આહવા અને ક્વાંટ ખાતે જુદા-જુદા ઠરાવોથી આદર્શ નિવાસી શાળાઓ શરુ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. પરંતુ, આચાર્યની જગ્યા મંજૂર કરવામાં આવેલ ન હોઇ, નજીકની શાળાના આચાર્યશ્રીને આવી શાળાઓના સંચાલનની જવાબદારી સોંપવી પડે છે, જેને કારણે એક જ આચાર્ય બન્ને શાળામાં પૂરતુ ધ્યાન આપી શકતા નથી. પરિણામે આદિજાતિના બાળકોના અભ્યાસ ઉપર વિપરીત અસર પડે છે. આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્યએ મુખ્ય અને અગત્યનું અંગ છે. જે ધ્યાને લેતાં કવાંટ, જિ. વડોદરા, બરડીપાડા, જિ. ડાંગ તથા આહવા, જિ. ડાંગની આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્ય વર્ગ-૨ની જગ્યા મંજૂર કરવા માટેની રૂ. ૭.૨૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરે વંચાણે લીધેલ પત્રથી આ નવી બાબતની વહીવટી મંજૂરી માટેની દરખાસ્ત કરી છે. પુખ્ત વિચારણાને અંતે અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળા (કુમાર), કવાંટ, જિ. વડોદરા, આદર્શ નિવાસી શાળા (કુમાર), બરડીપાડા, જિ. ડાંગ અને આદર્શ નિવાસી શાળા (કન્યા), આહવા, જિ. ડાંગ માટે આ દરેક શાળાદીઠ એક આચાર્ય, વર્ગ-૨ ની રૂ. ૯,૩૦૦-૩૪,૮૦૦/-ના પે બેન્ડ અને રૂ. ૪,૨૦૦/-ના ગ્રેડ પે વાળી જગ્યા મંજૂર કરવાની રૂ. ૭.૨૦ લાખની વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં સમાવિષ્ટ આ નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનુ ઠરાવવામાં આવે છે.

(૨) જે હેતુ માટે અંદાજપત્રિય જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧/૪/૨૦૧૦ થી કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ "અંદાજપત્ર માંગણી ક્રમાંક : ૯૬ : આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ. જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૨ - અનુ. આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૭૯૬ – આદિજાતિ વિસ્તાર પેટા યોજના : પેટા સદર ૪૮ - બી.સી.કે. ૧૭૭ આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્ય વર્ગ-૨ની ૩ જગ્યાઓ મંજૂર કરવા બાબત" હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે તેમજ તે સદરે ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૯-૪-૨૦૧૦ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

(જયોતિ કે. પટેલ)

નાયબ સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

નામ. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

તિજોરી અધિકારીશ્રી, કવાંટ, જિ. વડોદરા/ બરડીપાડા, જિ. ડાંગ/ આહવા, જિ. ડાંગ.

નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

તકેદારી અધિકારીશ્રી (આ. વિ.), વડોદરા/ડાંગ.

નાણાકીય સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.